ગાંધીનગર સમાચાર
તા. ૨૪-૧૨-૨૦૧૪, બુધવાર

તંત્રી સ્થાનેથી....

ઝંખવાતો જાદુ : સૂચક પરિણામો

લોકસભામાં વાયુવેગે સપાટો બોલાવી ધાર્યા નિશાન પાડી બતાવનાર નરેન્દ્ર મોદીનો અશ્વમેઘનો ઘોડો શ્રીનગરનાં સીધાં ચઢાણ સર કરવામાં નિષ્ફળ રહ્યો છે. મોદી માટે ઝારખંડ અને જમ્મુ-કાશ્મીર બેઉં પ્રતિષ્ઠાનાં ટાર્ગેટ હતા. મોદીએ વડાપ્રધાન પદ ધારણ કર્યા પછી કાશ્મીર ભણી નજર માંડી હતી. દર મહિને કોઇ ને કોઇ વિકાસ કાર્યક્રમ અન્વયે એ જમ્મુ અને કાશ્મીરની મુલાકાત લેતા રહેતા હતા. એમનો મનસૂબો જગજાહેર હતો. લાલચોકમાં મુરલી મનોહર જોષીની આગેવાનીમાં તિરંગો ફરકાવનાર કાર્યકર્તા મોદી કાળક્રમે રાષ્ટ્રીય નેતા બન્યા પછી ભાજપના હિંદુત્વવાદી કાર્યક્રમોથી સલામત અંતર જાળવીને માત્ર વિકાસના મુદ્દા પણ એમણે 'મિશન - ફોર્ટી ફોર' ની બુલંદ માગણી સાથે ઝુઝારુ પ્રચાર કર્યો હતો પરંતુ એમને એમાં સફળતા સાંપડી નથી. જમ્મુ-કાશ્મીર અને ઝારખંડ બેઉ રાજયોમાં 'બાપ-બેટા' વાળી સરકારોને પ્રજાએ નકારી કાઢી છે. પરંતુ કાશ્મીર ખીણમાં ભાજપના બૂરા હાલ થયા છે. ઝારખંડમાં કોંગ્રેસનો સફાયો કરવામાં સફળ રહેલ ભાજપ કાશ્મીરમાં કોંગ્રેસના સગવડિયા જોડાણ અને સત્તામાં ભાગીદારીની શક્યતા ટાળી શકી નથી. ઊલટાની એ કાશ્મીરમાં સત્તામાં ભાગીદાર કરવા મુફ્તી-મહેબૂબાની પીડીપી જેવી પ્રમાણમાં કટ્ટરવાદી પાર્ટી સાથે જોડાવાં ફાંફાં મારતી દેખાઇ રહી છે. ભાજપ સાથે જોડાણ કરીને મુફ્તી-મહેબૂબાની બાપ-બેટીવાળી સરકાર આસાયેશ જરૂર અનુભવી શકે એમ છે પરંતુ આ જોડાણ એના જનાધાર પર અવળી અસર પાડે એવી શક્યતા છે. કલમ ૩૭૦ નાં પ્રખર સમર્થક મહેબૂબા સઇદ કે વી.પી. સિંહ સરકારમાં ગૃહમંત્રી તરીકે રહી ચૂકેલા એમના ઠરેલ રાજનેતા-પિતા આવું જોખમ લેતાં અગાઉ સત્તર વાર ફેરવિચારણા કરશે. કાશ્મીર ખીણમાં ભાજપે પણ મુસ્લિમોને ટિકીટ આપી હતી, છતાં ત્યાંની પ્રજાએ પ્રાદેશિક સ્વાયત્તતા અને કાશ્મીરિયતના નામે મોદી કરિશ્માથી અંજાવાને બદલે પરંપરાગત પ્રાદેશિક વિકલ્પ જ સ્વીકાર્યો છે. ઉમર અબ્દુલ્લાને એમની ગંદરબાલની બેઠક છોડી બીજી બે બેઠકો - સોનવાડ અને વીરવાહથી ચૂંટણી લડવી પડી તે જ સમયે એમના સંભવિત રકાસનો અંદાજ મળી ગયો હતો. સત્તા-પલ્ટો નક્કી જ હતો. એની સામે ઝારખંડમાં બે બેઠકો પૈકી એક પર હારી ગયેલા નવયુવાન મુખ્યમંત્રી હેમંત સોરેન પ્રમાણમાં વધુ સારી ઝીંક ઝીલી શક્યા છે, ભાજપનું સ્ટીમ રોલર ફરી વળશે એવી અપેક્ષા ખોટી ઠેરવી શક્યા છે. ઝારખંડમાં શહેર વિસ્તાર દેખીરી રીતે જ આદિવાસી મુખ્યમંત્રી સામે સૂગ ધરાવતો હતો. ભાજપને સ્પષ્ટ બહુમતી મળે તો જ કોઇ બિન આદિવાસી ઝારખંડનો મુખ્યમંત્રી બની શકે, એવી ગણતરી સાથે સવર્ણ પ્રજાએ મોદીને ફૂલડે વધાવી લીધા હતા. પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા હારી ગયા છે. અર્જુન મુંડા ધર્માન્તરણનો મુદ્દો પણ ભાજપને વિશેષપણે આ બેઉ રાજયોમાં મુસ્લિમો અને ખ્રિસ્તી આદિવાસીઓની વોટબેંક પર વિપરીત અસર કરી ગયો હોય તે બનવાજોગ છે. એથી ઊલટું પેટ્રોલ-ડીઝલનો ભાવ ઘટાડો ભલે આંતરરાષ્ટ્રીય તેલ કંપનીઓએ કર્યો હોય પરંતુ પ્રજાએ એની ક્રેડિટ મોદીને જ આપી છે. મોદીની મૂળ છાપ 'હિંદુ હૃદય સમ્રાટ'ની છે. એમણે આયાસપૂર્વક એ છાપ જાળવી રાખીને 'વિકાસપુરુષ' તરીકે પોતાનું માર્કેટિંગ કરાવ્યું. પરંતુ વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ અને ખુદ ભાજપના સાક્ષી મહારાજ જેવા સાંસદોએ એમનો ખેલ બગાડ્યો છે. જૂના જનતાદળનાં ફાંડીયા જેવા છ પ્રાદેશિપ પક્ષોએ સાથે મળીને મોદીના અશ્વમેઘના ઘોડાને બાંધવાનો પડકાર ફેંક્યો છે તે હાલપૂરતો ભલે કારગત બનતો ન વરતાય પરંતુ મોદીને મુસ્લિમ વિરોધી અને ગરીબ વિરોધી પાર્ટીના નેતા તરીકે ચીતરવામાં અંશતઃ સફળ થયો હોય એમ લાગે છે.

સ્માર્ટ કિડઝનો નાતાલ ઉત્સવ

ગાંધીનગરના સે-૧ ખાતે આવેલ સ્માર્ટ કિડઝ નર્સરી સ્કૂલમાં નાતાલનો ઉત્સવ ઉજવાયો હતો. જેમાં શિક્ષિકા ભૂમિ જોગાણીએ સાંતાકલોઝ બની બાળકોને આનંદ કરાવ્યો હતો તેમજ ચોકલેટસ-ગીફટસ પણ આપી ભૂલકાંઓને ખુશખુશાલ કરી દીધા હતા.

માઉન્ટ કાર્મેલ શાળામાં નાતાલ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળામાં નાતાલ તહેવાર નિમિત્તે રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી. નાતાલના પર્વને વધુ આનંદિત બનાવવા આ વર્ષે શાળાએ સાંસ્કૃતિક આનંદની ઉજવણીના ભાગરૂપે વસંતકુંવરબા હાઈસ્કૂલ, સેક્ટર-૨૮ અને પ્રેમધારા શિશુવિહાર હાઈસ્કૂલ, સેક્ટર-૨૫ના આશરે ૧૦૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આમંત્રિત કર્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ નાતાલની ઉજવણી શા માટે કરવામાં આવે છે તેનું મહત્વ સમજાવતુ નાટક રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ નૃત્યો પણ વિદ્યાર્થીઓએ રજુ કર્યા હતા. શાળાના આચાર્યા સીસ્ટર રેણુકાએ નાતાલનો શુભસંદેશ આપ્યો હતો. આમંત્રિત પ્રેમધારા શિશુવિહાર હાઈસ્કૂલના શિક્ષક પ્રજ્ઞાબહેન જોશી તથા વસંતકુંવરબાની વિદ્યાર્થીની રેણુકા ચૌહાણે પોતાના પ્રતિભાવ આપ્યા હતા. શાંતા ક્લોઝે આમંત્રિત વિદ્યાર્થી મહેમાનોને ભેટ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકોએ આચાર્યા સીસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ કર્યું હતું.

કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સ, એક્ટિંગ, ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગના નવદીક્ષિત કલાકારો દ્વારા ૨૫મી એ 'અભિવ્યક્તિ' કાર્યક્રમ

ટાઉનહોલ ખાતે યોજાનારા ભવ્ય કાર્યક્રમમાં સિધ્ધાર્થ રાંદેરીયા અને સ્મિતા શાસ્ત્રીના વરદ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સ અને કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગની પ્રથમ બેચ તથા કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગની બીજી બેચના સમાપન પ્રસંગે તારીખ ૨૫મી ડિસેમ્બર ને ગુરૂવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ટાઉનહૉલ ગાંધીનગર ખાતે નવદીક્ષિત કલાકારો દ્વારા 'અભિવ્યક્તિ' કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે ગુજરાતી નાટકોના સુપ્રસિધ્ધ અભિનેતા શ્રી સિધ્ધાર્થ રાંદેરીયા અને ગુજરાતના વરિષ્ઠ નૃત્યાંગના સુશ્રી સ્મિતા શાસ્ત્રીના વરદ હસ્તે નવદીક્ષિત કલાકારોને પ્રમાણપત્રો એનાયત કરાશે.

સૂરબધ્ધ, તાલ-લયબધ્ધ તથા સુરેખ સમાજના નિર્માણ માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગરના બાળકો, યુવાનો તથા તમામ વયજૂથની વ્યક્તિઓમાં સર્જનાત્મકતા કેળવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગના વિદ્યાર્થી કલાકારોએ ૬ મહિનાના અભ્યાસક્રમ દરમિયાન તૈયાર કરેલા ૨૫૦ જેટલા ચિત્રોનું ભવ્ય પ્રદર્શન પણ ટાઉનહૉલના ફૉયરમાં યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની ત્રણ સ્કૂલો દ્વારા ૬ મહિનાના સર્ટીફિકેટ કાર્સનું આયોજન કરાઈ રહ્યું છે. જુલાઈ -૨૦૧૪ થી શરૂ થયેલી કલ્ચરલ સ્કૂલ ઑફ ડાન્સના વિદ્યાર્થી કલાકારો દ્વારા 'અભિવ્યક્તિ' કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રકારના નૃત્યોની પ્રસ્તુતિ કરાશે. ત્યારે કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગના વિદ્યાર્થી કલાકારો દ્વારા બે એકાંકી નાટકો પ્રસ્તુત કરાશે.

ગાંધીનગરના નૃત્યકલા, અભિનય તથા ચિત્રકલામાં રસ ધરાવતા કલારસિકોને 'અભિવ્યક્તિ'ના આ અવસરે પધારવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ માટેના પાસ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કાર્યાલય-ગાંધીનગર સમાચારના કાર્યાલય, સેક્ટર-૮ ગાંધીનગર ખાતેથી મેળવી લેવા એક યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા ઓપન ચેસ ટૂર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશન દ્વારા ઓપન તથા અન્ડર ૧૫ ખેલાડીઓ માટે ચેસ ટૂર્નામેન્ટ તા. ૨૭, ૨૮-૧૨-૨૦૧૪ ના રોજ જુના સચિવાલય કેન્ટીન ખાતે યોજવામાં આવનાર છે. રસ ધરાવતા ખેલાડીઓએ પ્રવેશ મેળવવા માટે નિયત પ્રવેશ ફોર્મ www. gica2010. wordpress.com ઉપરથી ડાઉન લોડ કરી તા. ૨૬-૧૨-૨૦૧૪ સાંજ સુધીમાં એન્ટ્રી રજીસ્ટર્ડ કરાવી લેવી.

ચેસ ટૂર્નામેન્ટ ઓપન કેટેગરી માટે તા. ૨૭-૧૨-૨૦૧૪ના રોજ બપોરના ૧.૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે. જ્યારે અન્ડર-૧૫ ખેલાડીઓ માટે તા. ૨૮-૧૨-૨૦૧૪ના રોજ બપોરના ૧૧.૩૦ કલાકથી જુના સચિવાલય કેન્ટિન ખાતે શરૂ કરવામાં આવશે. ટૂર્નામેન્ટના રાઉન્ડનો સમય બંને ખેલાડીઓને એક-એક કલાક (ક્લાસીક ટૂર્નામેન્ટ) આપવામાં આવશે. આ ટૂર્નામેન્ટમાં ઓપન કેટેગરી માટે ચેમ્પીયન ખેલાડીને રૂ. ૧૦૦૦ રનર્સ અપને રૂ. ૭૫૦ ત્રીજા નંબરને રૂ. ૫૦૦ ચટોથા નંબરને ર. ૩૦૦ અને પાંચમા નંબરને રૂ. ૨૦૦ ઉપરાંત આશ્વાસન ઈનામો અને અન્ડર ૧૫ ખેલાડીઓને ૧ થી ૩ ને ટ્રોફી તેમજ આશ્વાસન ઈનામો પણ આપવામાં આવશે.

શહેરી વિકાસ સામે વિભાગે ઉદ્યોગ ખાણની હાર

ગાંધીનગર, તા. ૨૩

આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં સોમવારે શહેરી વિકાસ વિભાગ અને ઉદ્યોગ અને ખાણ વિભાગ વચ્ચે રમાયેલી મેચમાં શહેરી વિકાસ વિભાગનો શાનદાર વિજય થયેલ છે. પ્રથમ બેટીંગ કરતાં ઉદ્યોગ અને ખાણ વિભાગે ૩૦ ઓવરમાં કુલ ૧૩૭ રન બનાવેલ હતા. જેમાં વિપુલ પ્રજાપતિના ૫૫ રન મુખ્ય હતા. શહેરી વિકાસ વિભાગ તરફથી ડાબોડી બોલર નિતેશ પારેખે છ ઓવરમાં ૧૧ રન આપી ૪ વિકેટ લીધી હતી.

બીજી બેટીંગ કરતા શહેરી વિકાસ વિભાગે ૩૦ ઓવરમાં ૬ વિકેટે કુલ ૧૩૮ રન બનાવી ભવ્ય વિજય હાંસલ કર્યો હતો. જેમાં જીગર સોનીના ૩૪ રન, રૂપક સોલંકીના ૨૨ રન, સંદીપ ગોહિલના ૩૩ નોટઆઉટ અને નિતેશ પારેખના ૨૧ રન મુખ્ય હતા. મેચમાં ઓલરાઉન્ડ દેખાવ કરવા બદલ નિતેશ પારેખને મેન ઓફ ધ મેચનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આવતીકાલે તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળના સહયોગથી તા. ૨૫મી ડિસેમ્બર ગુરુવારે સવારે ૧૦ થી ૧ વાગ્યા દરમિયાન સે-૧૬માં આવેલ સચ્ચિદાનંદ બ્રહ્મભવન ખાતે રકતદાન શિબિર યોજવામાં આવ્યો છે. દિવસે અહીં તપોધન બ્રાહ્મણ પ્રગતિ મંડળનો સ્નેહ મિલન સમારંભ પણ યોજાશે. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને તેમજ નિવૃત્તિ કે પ્રમોશન અને વિશિષ્ટ સિધ્ધિ પાળનારા કર્મચારીઓ-અધિકારીઓનું સન્માન કરાશે.

હરિની દૃષ્ટિ...

ભાઈ, તને જોતા લાગે છે કે તું.. ધર્મ - પરિવર્તનની જગ્યાએ જાતિ-પરિવર્તન કરાવીશ તો જીવનમાં વધુ શાંતિ અનુભવીશ...!!

વડનગરા નાગર મંડળ અંતાક્ષરી સ્પર્ધા યોજશે

ગાંધીનગર, તા. ૨૩

શ્રી વડનગરા નાગર મંડળ ગાંધીનગર યંગબ્રિગેડ દ્વારા માત્ર વડનગરા નાગર જ્ઞાતિજનો માટે અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. અંતાક્ષરી સ્પર્ધાનો પ્રથમ રાઉન્ડ તા. ૧૧મી જાન્યુઆરીના રોજ યોજવામાં આવશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના ફોર્મ શ્રી ધૈવત તૃષિતભાઈ ધ્રુવ સેકટર-૨૩ પ્લોટ નં. ૪૮૨-મો. ૯૯૧૩૫ ૯૫૪૬૫, શ્રી હાર્દજ્ઞ વત્સલભાઈ વોરા પ્લોટ નં. ૪૮૫/૧, સે-૭-બી મો-૯૬૬૨૫ ૪૭૪૯૬, શ્રી નિસર્ગ દર્પણભાઈ બુચ ૪-મયુર અપાર્ટમેન્ટ સે-૨૮ મો-૭૮૭૪૪૦૭૩૫૬ અને શ્રી દિવ્યમ ઉત્પલભાઈ રાણા, પ્લોટ નં. ૫૭૬/૧, સે-૮ મો-૯૯૦૯૭ ૭૮૧૦૮ પાસેથી મેળવી શકાશે. સ્પર્ધક ફી વ્યકિત દીઠ રૂ. ૫૦ રાખેલ છે. છેલ્લી તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૫ છે. વધુ માહિતી માટે શ્રી ધૈવત તૃષિતભાઈ ધ્રુવનો સંપર્ક કરવા જણાવાયું છે.

આજે એકાંકી નાટય સ્પર્ધાના વિજેતા નાટકોનો શો યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ટાઉનહોલ ખાતે તા. ૨૪મી ડિસેમ્બરે રાત્રે ૯.૧૫ વાગે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તેમજ સંસ્કૃતિ સંસ્થાના સંયુકત ઉપક્રમે એકાંકી નાટય સ્પર્ધાના ત્રણ વિજેતા નાટકોના શોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસ્તુતિ દરમિયાન સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ યોગેશભાઈ ગઢવી ઉપસ્થિત રહેશે.

રાજય એકાંકી નાટય સ્પર્ધામાં વિજેતા નિવડેલા ગાંધીનગરના બે નાટક 'જાદુગર' અને 'એક નવી શરૂઆત' તેમજ યુવા પ્રતિભા શોધ સ્પર્ધામાં વિજેતા બનેલ નાટક 'ઘોડાગાડી'ના શોનું આયોજન કરવામાં આવ્યું છે.

વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગરના સે-૨૮માં આવેલ વસંતકુંવરબા કન્યા વિદ્યાલય ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. જેનું સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના કેમ્પસ ડાયરેકટર ધુમાલ સાહેબે ઉદઘાટન કર્યુંહતું. આ પ્રસંગે કોચ જિતેન્દ્રભાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ રમતોત્સવમાં વિવિધ રમતોની સ્પર્ધાઓ રમાડવામાં આવી હતી જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના આચાર્યા દક્ષાબેન શુકલના માર્ગદર્શન હેઠળ તમામ શિક્ષકોએ આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગુજરાતી પ્રેમકથાઓ અને ફિલ્મી 'પીકે' ના પડદા પાછળના 'પીકે'

વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

અનેક સ્વરૂપે પ્રગટતો પ્રેમ અને સ્નેહ હવા અને આકાશની જેમ સર્વ વ્યાપ્ત હોય છે. આપણા અહમની કોટડીમાંથી બહાર ઝાંખીએ તો આસપાસ આ તત્ત્વ વિલસતું હોય છે. કેટલાક ખાસ માણસો પોતાની દ્રષ્ટિને વ્યાપક કરે એટલે તેમને સામાન્ય લોકોને ન દેખાતો જાદુઇ ચિરાગ દેખાઇ જાય છે. જેમાં તેઓને પારમાર્થિક સત્ય દ્રષ્ટિગોચર થાય છે. ચંદ્રકાન્ત ટોપીવાળાએ ગુજરાતી અમરપ્રેમ કથાઓનો પરિચય આપ્યો છે. ૧૯૪૧ માં પ્રગટ થયેલી 'મળેલા જીવ પન્નાલાલ પટેલની સીમાસ્તંભ નવલકથા છે. ઈડરિયા પ્રદેશના જોગીપરા અને ઉધડિયા ગામાનાં પટેલ કાનજી અને જીવીની આ કરુણાંત પ્રેમકથામાં 'એક પા લોહીના કોગળા અને બીજી પા પ્રીતના ઘૂંટડા છે. જ્ઞાતિભેદ અને મોટાભાઈના કુટુંબની સોંપાયેલી જવાબદારીને કારણે કાનજી જીવીને અન્યત્ર પરણાવી વિચ્છેદ રચે છે. પોતાના વહેમી પતિથી વાજ આવી જીવી આપઘાત કરવા રોટલે વખ મેળવે છે ખરી, પરંતુ અકસમાતે એ રોટલો પતિથી ખવાઈ જતાં અને પતિ મરી જતાં જીવી ગાંડી બની જાય છે. છેલ્લે આવી સર્વનાશ પામેલી જીવીને કાનજી પોતાના જીવનમાં સંઘરે છે. ગ્રામીણ વાસ્તવમાં શુદ્ધ તળપદાં પરિબળો વચ્ચે વસ્તુવેગ અને મનોવિશ્લેષણની દ્વિવિધ ભૂમિકાએ સમગ્ર સંસારના પર્યાયરૂપ ધબકતો આ સ્થાનિક લોકસંસાર લેખકનો પોતીકો છે. સુન્દરમે સાચું કહ્યું છે 'અત્યારે આ કથા જેવી છે તેવી પણ હિંદના કોઈ પણ સાહિત્યમાં અને થોડા સંકોચ સાથે દુનિયાના સાહિત્યમાં પણ ગુજરાતી કળાનું પ્રતિનિધિત્વ ધારી શકે તેવી બની છે.'

પાટણની પ્રભુતા કનૈયાલાલ મુનશીની સીમાસ્તંભ કહી શકાય તેવી નવલકથા છે. ગુજરાતના સોલંકીયુગના ઈતિહાસ પર આધારિત કથાત્રયીમાંની પહેલી નવલકથા છે. કર્ણદેવ સોલંકીના મૃત્યુસમયે પાટણમાં જૈન શ્રાવકો અને મંડલેશ્વરો વચ્ચે ચાલતી સત્તાની સાઠમારી તથા મુંજાલથી પોતે વિશેષ પ્રભાવશાળી ને મુત્સદ્દી છે એવું દેખાડવાની મીનળદેવીની ઈચ્છા. એ બે ઘટનાકેન્દ્રોમાંથી નવલકથાનું સમગ્ર કથાનક આકાર લે છે. મુંજાલનો પ્રભાવ ઘટાડવા મીનળદેવી આનંદસૂરિના અભિપ્રાયો પ્રમાણે ચાલવા જતાં મુશ્કેલીમાં મુકાય છે. આખરે થાકીહારીને તે ફરી મુંજાલની શક્તિ ને બુદ્ધિનો આશ્રય સ્વીકારીને, ભી થયેલી વિકટ પરિસ્થિતિમાંથી છુટકારો મેળવે છે. એટલે વાસ્તવમાં આ નવલકથા રાજકીય પૃષ્ઠભૂમાં આકાર લેતી, સ્ત્રીના વૈયક્તિક અહં અને પતનની કથા બની રહે છે. કૃતિમાં નિરૂપાયેલા સંઘર્ષોમાં ઐતિહાસિકતા કરતાં કલ્પનાનું વિશેષ પ્રમાણ, પાત્રો વચ્ચેના પ્રણયના તથા અન્ય સંબંધોમાં કાલ્પનિકતા, રહસ્યમય અને રોમાંચક ઘટનાઓનું આલેખન ઈત્યાદિ તત્વો આ કૃતિને - ઐતિહાસિક રોમાન્સ ની કોટિમાં મૂકે છે.

ઝેર તો પીધાં છે જાણી જાણી એ મનુભાઇ પંચોળી - દર્શક ની કૃતિ છે. કૃતિના પ્રથમ ખંડમાં નાયક-નાયિકા સત્યકામ અને રોહિણીનો ગોપાળ બાપાની વાડીમાં થતો ઉછેર દેખાડ્યો છે. લગ્નમાં ન પરિણમતો તેમનો પ્રણય, ગોપાળબાપાનું અવસાન, શીતળાને કારણે દ્રષ્ટિ ગુમાવી બેઠેલા સત્યકામનો આત્મહત્યાનો પ્રયાસ, તેમાંથી બચી જતાં કેશવદાસ નામે ને સાધુરૂપે બૌદ્ધધર્મના વિશેષ અભ્યાસ નિમિત્તે વિદેશગમન, હેમન્ત સાથેનું રોહિણીનું લગ્ન ને વૈધવ્ય, દિયર અચ્યુતના ઘડતરમાં રોહિણીની સક્રિયતા વગેરે મુખ્ય ઘટનાઓ દ્વારા લેખકે ગોપાળબાપાની ધર્મપરાયણ સેવાવૃત્તિ અને સત્યકામ-રોહિણીની રુચિર પ્રણયકથાનું આલેખન કર્યું છે.

પ્રથમ વિશ્વયુદ્ધે યુરોપમાં સર્જેલા વિનાશનો ભોગ બનેલાંઓના પુનર્વસવાટ માટે મથતાં જયોર્જ ક્લેમેન્શો, ભગિની ક્રિશ્ચાઈન, વોલ્ટર રેથન્યૂ અને એમના કામમાં અવરોધો ભા કરનાર નાઝી-નેતા હેર કાર્લ જેવા પાત્રોની વચ્ચે વસતા પંડિત કેશવદાસની નોંધપોથીરૂપે લખાયેલા કથાના બીજા ખંડમાં યુરોપનો ઈતિહાસ વિશેષ સ્થાન પામે છે. કૃતિના ત્રીજા ખંડમાં મહત્ત્વ ધારણ કરનાર અચ્યુતના ચરિત્રનો વિકાસ પણ આ ખંડમાં જ દર્શાવાયો છે.

ઈશ્વર પેટલીકરની - જનમટીપ પાટણવાડિયા ખેડુ ઠાકરડાની સૌથી નીચલી કોમના સામાજિક વાસ્તવને અને એના ગ્રામસમાજને ઉપસાવતી ઈશ્વર પેટલીકરની નવલકથા છે. ચંદા અને ભીમાનાં પ્રણયપાત્રોની આસપાસ ફરતી આ કથામાં પાટણવાડિયા કોમનું કૌવત અને હીર પ્રગટ થયા છે. ભીમાને પરણેલી, સાંઢ નાથનારી પરાક્રમી ચંદાની પૂંજો બામરોલિયો મશ્કરી કરે છે અને શરત પ્રમાણે વેરની વસૂલાત ન થાય ત્યાં સુધી ચંદા પિયર જઈ રહે છે. પછીથી ગામ શાહુકારને ત્યાં ધાડમાં ભીમો ઘવાય છે ત્યારે હૉસ્પિટલમાં એની સારવાર માટે ચંદા આવે છે ખરી પણ એને સાજો કરી ટેકીલી ચંદા પાછી પિયર ચાલી જાય છે. છેવટે પિતા સાથે રહી ભીમાએ પૂંજાનુ ખૂન કરી વેર લેતાં ચંદા પાછી ફરે છે અને જનમટીપ પામેલા ભીમાનાં ઘર-ખેતરને કુશળતાથી સંભાળી લે છે. નાયિકાકેન્દ્રી કથાના નિરૂપણમાં ક્યાંક કૌતુકરાગી અભિનિવેશો પ્રવેશી ગયા હોવા છતાં - માનવતાનું હાર્દ પકડવામાં આ કથા સફળ થઈ છે.

આજકાલની ફિલ્મો ખાસા સામાજિક ઉદ્દેશ્યો સાથે બની રહી છે. પીકે ફિલ્મ અંગે એક હકીકતનો પણ ખુલાસો થયો છે કે - પીકે નું પાત્ર સુધારાવાદી ભારતીય અને પછી શ્રીલંકન એવા અબ્રાહમ કવુરથી કદાચ પ્રેરિત હોઇ શકે છે. ખરા 'પીકે' તો અબ્રાહમ કવુર છે. 'પીકે' ધર્મો અને સમાજમાં વ્યાપેલી બુરાઇઓ સામે પ્રશ્ન ઉઠાવે છે. લોકોને ભય બતાવી છેતરતાં ધર્મગુરૂઓ અને દુકાનો(મંદિરો) સામે મેદાને પડે છે.

ડૉ.કવુર કેરળના સુધારાવાદી વિચારક હતા. તેઓ લોકોને વૈજ્ઞાનિક કારણો દ્વારા સમજ આપીને પ્રપંચોને ઉઘાડા પાડતા હતા. તેમનો જન્મ ૧૦ એપ્રિલ ૧૮૯૮?? રોજ કેરળના ક્રિશ્ચિયન પરિવારમાં થયો હતો. તેમણે કોલકાતાની બેંગાબાસી કોલેજમાંમાંથી બોટની અને ઝુલોજીનો અભ્યાસ કર્યો હતો ત્યાર બાદ કેરળમાં જુનિયર પ્રોફેસર તરીકે નોકરી કરવા લાગ્યા; પણ થોડાં સમયમાં જ તેઓ શ્રીલંકા ચાલ્યા ગયા હતાં. જયાં તેઓ બોટની શીખવતા હતાં. ડૉ. કવ્વુર બુદ્ધના સુધારાવાદી વિચારોથી પ્રભાવિત હતાં; પણ હિન્દુ ધર્માંધતા સામે બળવાખોર હતાં. તેઓ લોકોને સહિષ્ણુતા અને વૈજ્ઞાનિક દૃષ્ટીકોણ શીખવતા હતા.

ડૉ.કર્વે અલૌકીક શક્તિ હોવાનો દાવો કરતા લોકો સામે અનેકવાર યુદ્ધે ચડ્યા હતા. ત્યાર બાદ તેઓ લખ્યું કે, 'કોઈપણ પાસે ક્યારેય અલૌકીક શક્તિઓ હતી નહી અને છે પણ નહીં. તે માત્ર ગ્રંથો અને સનસનાટી ફેલાવતા સમાચાર પત્રોમાં જ છે. તેનું પુસ્તક 'બેગોન ગોડમેન એન્ડ ગોડ્સ' એટલે કે બાબાઓ અને ઈશ્વરથી દૂર રહો. ફિલ્મમા 'પીકે' પણ ઢોંગી બાબા સામે પડે છે અને ન્યૂઝ ચેનલ પર તેના સવાલોના જવાબો આપીને જાહેરમાં ઉઘાડા પાડે છે. 'પીકે' દરેક વાત વિવેકબુદ્ધિથી વિચારે છે અને લોકોને જાગૃત કરે છે. ધર્મનું કામ જાગૃતિ ફેલાવાનું હોવું જોઇએ નહિ કે અંધશ્રદ્ધા.

લોકોને મૃત્યુ કે નરકનો ડર બતાવીને ધર્મનો ફેલાવો કરીને આર્થિક ફાયદો લેવાઈ રહ્યો છે. આ માટે ફિલ્મમાં પીકે એક ઘટના ભી કરે છે, એક કોલેજમાં પરીક્ષા દરમિયાન 'પીકે' ત્યાં જઈને એક પથ્થરને લાલ રંગથી રંગે છે અને તેની પાસે થોડા પૈસા મુકી દે છે. ત્યાર બાદ પરીક્ષાથી ભયભીત વિદ્યાર્થીઓ ત્યાં આવીને વધુ પૈસા ધરાવી દર્શન કરે છે. આમ તે રોકાણનું બમણું વળતર અને વેપાર ધંધામાં ગ્રાહકને બોલાવવા પડે છે જયારે અહીં સામેથી આવીને પગમાં પડે છે. આ પ્રકારના ઉદાહરણથી તે લોકોનો ભય દૂર કરે છે. તેનો એક જ સંદેશ છે કે 'ઈશ્વરને મેળવવા માટે કોઈ ધર્મગુરૂની જરૂર નથી ત્યાં સુધી સીધા જ પહોંચી શકાય છે.' ડૉ.કવુર જન્મે ક્રિશ્ચિયન હોવા છતાં ઈશ્વરના શબ્દો તરીકે બાઈબલને સ્વીકારી શક્યા ન હતાં.

તેમની નોંધપોથી પરથી મલયાલમમાં પુનર્જન્મ (૧૯૭૨), તમિલમાં મારુ પીરાવી (૧૯૭૩) અને તેલુગુમાં નીથાકથા નામની ફિલ્મ્સ બની ચુકી છે. વર્ષ ૨૦૦૮??? પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલે 'ગોડ, ડેમોન્સ એન્ડ સ્પીરીટ'ના પંજાબીમાં અનુદીત 'બાસવાપ્રેમાનંદ' પર પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ તેમના વિચારોને હજુ પણ લાખો લોકો અનુસરે છે. તેમનાથી દેશમાં ઘણા લોકો પ્રભાવિત હતાં. તેમનાથી અભિનેતા ડૉ.શ્રીરામ લાગુ, અભિજાત જોશી અને રાજકુમાર હિરાણી સહિત અનેક દિગ્ગજ લોકો પ્રભાવિત થતા રહ્યા છે.

(પ્રેરણા- દિવ્ય ભાસ્કર)